### ધાનેરા તાલુકા વિકાસ અધિકારી પર હુમલાના વિરોધમાં

# તાલુકા પંચાયતના કર્મચારીઓએ વિશાળ રેલી યોજી આવેદનપત્ર આપ્યું

### સરપંચો અને ડેલીકેટોએ તાલુકા પંચાયતને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો

ધાનેરામાં ફરજ બજાવતા તાલુકા વિકાસ અધિકારી ઉપર



રાત્રીના સમયે તલાટી સહીત અન્ય ઈસમોએ ભેગા મળી હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ આજે તાલુકા પંચાયતના કર્મચારીઓ દ્વારા રેલી યોજી ધાનેરા પ્રાંત અધિકારી આવેદન કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી છે તો બીજી તરફ સરપંચ અને ડેલીકેટો ધ્વરા તાલુકા પંચાયતને તાળાબંધી કરી આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવાની માંગ કરી છે.

ધાનેરા તાલુકાના સામરવાડા વર્ષો પહેલા ગૌચરની જમીનને લઈ કૌભાંડ આચરાયું હતું અને તે બાબતે ગ્રામજનો ધ્વરા મુખ્યમંત્રીને રજૂઆત કરતા મુખ્યમંત્રીએ તાપસના આદેશ આપ્યા હતા. આ બાબતની તાપસ ધાનેરા તાલુકા વિકાસ અધિકારી મોસમસીહ રાવ જોડે હતી ત્યારે કૌભાંડ આચરનાર તલાટી જે સી બારોટે આ તાલુકા વિકાસ અધિકારીને તાપસ ન કરવા માટે ધાકધમકી આપી હતી તેમ છતાં




તસવીર : હરેશ જોષી

તાપસનો દોર ચાલુ રહેતા તલાટી સહીત અન્ય ઈસમો ભેગા મળી તાલુકા વિકાસ અધિકારીના કવોટર ઉપર રાત્રીના સમયે હુમલો કર્યો હતો અને તાલુકા વિકાશ અધિકારી ને જેમતેમ બોલી ધાક ધમકી આપી તાલુકા વિકાશ અધિકારી ના પર્સ માંથી રૂપિયા ૫ હજાર પણ પડાવી લીધા હતા. ત્યારે તાલુકા વિકાસ અધિકારીએ તલાટી સહીત ચાર લોકો સામે ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પરંતુ આજ દિવસ સુધી કોઈ જ કાર્યવાહી ન થતા તાલુકા પંચાયતના કર્મચારીઓ દ્વારા વિશાલ રેલી યોજી ધાનેરાના નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહી કરવા માટેની માંગ કરી છે તો બીજી તરફ ધાનેરા વિસ્તારના સરપંચો અને ડેલીકેટો દ્વારા ધાનેરા તાલુકા પંચાયતને તાળાબંધી કરી તાલુકા પંચાયત આગળ ધરણા ઉપર બેઠા હતા ત્યારે આ જોઈ એવું લાગી રહ્યું છે ગુજરાતનો અધિકારી પણ સુરક્ષિત નથી તો અન્ય પ્રજાની તો વાત શું કરવી.

## ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ રાજ્ય કક્ષાના પ્રમુખ પદે જે. વી. શ્રીમાળીની વરણી

ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજની રાજ્ય કક્ષાની સામાન્ય સભા ડૉ.આંબેડકર અન્તોદય નિગમના ચેરમેન અને રાજ્યકક્ષાના પ્રમુખ ગૌતમભાઈ ગેડિયાના અધ્યક્ષ સ્થાને શનિવારે રાજકોટ ખાતે સામાન્ય



સભા મળી હતી,સભામાં ગુજરાત ભરના સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા,સામાન્ય સભામાં રાજ્ય કક્ષાના પ્રમુખ,મંત્રી અને ખજાનચી ની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી,જેમાં પ્રમુખ તરીકે નિવુત્ત મામલતદાર સાબરકાંઠાના જે.વી શ્રીમાળીની પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જ્યારે મંત્રી તરીકે સી.એન જોષી અને ખજાનચી તરીકે ભગવતી પ્રસાદની વરણી કરવામાં આવી હતી. જે.વી.શ્રીમાળીની બિનહરીફ વરણીને પગલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આનંદ છવાયો હતો.

## ધનસુરામા પ્રયાસ ગ્રુપ દ્વારા સ્વેટર વિતરણ કરાયા

ધનસુરાના પ્રયાસ ગ્રુપના યુવાનો દ્વારા શક્તિનગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.૫૦ જેટલા બાળકોને સ્વેટરનુ વિતરણ કરાયું હતુ. પ્રયાસ ગ્રુપના યુવાનો દ્વારા ઉનાળામા જનતા માટે મિનરલ ઠંડા પાણીની પરબ,અંબાજી જતા દર્શનાર્થીઓ માટે વિસામો બનાવવો જેવા સામાજિક કાર્ય કરવામાં આવે છે. ત્યારે આ યુવાનો દ્વારા આ સ્વેટર વિતરણ જેવું એક સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. પ્રયાસ ગ્રુપના આ કાર્યક્રમ માં આનંદ પટેલ, આકાશ બ્રહ્મભટ્ટ, રાજેશ વાઘેલા , જીતુ ચોપડા, જીગર પ્રજાપતિ, જય જોશી સહિતના સભ્યો હાજર હ રહયા હતા.

# મેઘરજ નગરમાં ખાનગી મોબાઈલ કંપનીના પાપે અડધું નગર પાણીથી વંચિત

મેઘરજ, તા. ૧

મેઘરજ નગરમાં ગ્રામ પંચાયતની મંજૂરી લીધા વગર કોન્ટ્રાકટરે કોઈ મોટા કદના એછેકે મોટા ભાગે ખોદકામ કરવામાં આવ્યું છતાં ગ્રામપંચાયતના પદાધિકારી કે તલાટી દ્વારા કોન્ટ્રાકટરને કેમ



તસવીર : મેહુલ જોષી

અટકાવવામાં આવ્યો નહિ ની ચર્ચાએ જોર પકડ્યું છે.

જીઓ મોબાઈલ ટાવર નાખતી કંપનીના કોન્ટ્રાક્ટરે કેબલ નાખવા માટે મેઘરજ ગ્રામ પંચાયતને અંધારામાં રાખી પોલીસ સ્ટેશન તરફ આડેધડ ખોદકામ કરતા જેસીબી થી રોડ અને ૧૮૦૦ મી લંબાઈ ધરાવતી પાણીની લાઈન માં ભંગાણ સર્જતા છેલ્લા ત્રણ દિવસ થી પોલીસ સ્ટેશન વિસ્તાર, મહાદેવ ફળી,બજાર વિસ્તાર,ગણપતિ ફળી,ગોકુલ નાથજી મંદિર,પંડ્યા વાસ, દરજી ફળી સહીત ના વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો પુરવઠો નહિ મળતા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ખાનગી કેબલ ઓપરેટરના કોન્ટ્રાક્ટરની ભૂલના કારણે ભર શિયાળે પાણીનો પોકાર કરતા ૫ હજાર થી વધુ લોકો પાણીની થી ટળવળી રહ્યા છે સમગ્ર ઘટના અંગે જાગૃત નાગરિકોએ તાલુકા વિકાસ અધિકારી કડિયા ને જાણ કરતા ગ્રામ પંચાયતના સત્તાધીશોને પાણી આપવા તાકીદ કરી તાબડતોડ સમારકામ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

રાજકારણીના કે અધિકારીના છુપા આશીર્વાદ થી જીઓ કંપનીના ટાવર માટે કેબલ નાખવા ખોદકામ કરતા નગરમાં પાણીનો જથ્થો પૂરો પાડતી ૩૦ વર્ષ જૂની પાઈપ લાઈન તોડી નાખતા મોટા ભાગના વિસ્તારો પાણી વિના ટળવળી રહ્યા છે તદઉપરાંત આર.સી.સી રોડ પણ તોડી નાખતા મેઘરજ ગ્રામ પંચાયતને લાખ્ખો રૂપિયાનું નુકસાન થયું છે નવાઈની વાત તો

# દેવપુરાના પાટિયા પાસેથી દારૂ ભરેલી બોલેરો ઝડપાઈ

### દારૂ ભરેલી ગાડી સાથે ૨ લાખના મુદ્દામાલ સાથે ૧ની અટકાયત

પાલનપુરના ડીસા હાઈવે પર દેવપુરાના પાટિયા પાસેથી પોલીસે દારૂ ભરેલી બોલેરો ગાડી ઝડપી લીધી હતી. પોલીસે દારૂ ભરેલી ગાડી સાથે રૂ.૨ લાખના મુદ્દામાલ સાથે ૧ આરોપીની અટકાયત કરી હતી. જયારે ૨ આરોપી પોલીસને હાથતાળી આપી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશન ના સૂત્રોના જણાવ્યા મુજબ, દેવપુરા પાટિયા પાસેથી પસાર થઈ રહેલી બોલેરો ગાડી નં.જી.જે.૨૫-૭-૫૬૨ને રોકી પોલીસે તલાશી લીધી હતી. જેમાંથી રૂ.૯૯,૬૦૦ની કિંમતની ૧૨ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે રૂ.૫૦૦૦ની કિંમતનો મોબાઈલ અને રૂ.૧ લાખની ગાડી મળી કુલ રૂ.૨,૦૪,૬૦૦ ના મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દારૂ ભરેલી ગાડી સાથે દેવપુરાની નવદુર્ગા સોસાયટીમાં રહેતા પ્રતિક વિનોદકુમાર પ્રજાપતિની અટકાયત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે ગાડીનો ચાલક જાલમસિંહ અને અન્ય એક ઈસમ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા.

# એલ.આઈ.સી. દ્વારા જીવન સરલ પોલિસી સિનિયર સિટીઝન્સ માટે છેતરામણી સાબિત થઈ

મોડાસા, તા.૧

L.I.C. ઓફ ઈન્ડીયા દ્વારા નાગરિકો માટે વીમા પોલિસી પાકતી મુદતે કુટુંબને મૂલ્યવાન બનતી હોવાથી છાપ ડરાવે છે. પરંતુ અપવાદરૂપે ". ઝ દ્વારા જીવન સરલ પોલિસીને સિનિયર સિટીઝનનોને પાકતી તારીખે છેતરાયાની પ્રતિતિ થયાની વયસ્કોમાં બૂમ ઉઠી છે. નવાઈની વાત તો એ છે કે વીમા ધારકે દશ વર્ષ સુધી વીમા પ્રીમિયમ ભર્યું હોય અને પાકતી મુદતે કાગડોળે રાહજોતી વેળાએ ભરેલ પ્રીમિયમ રકમ તો નહીં પરંતુ ભરેલ પ્રીમિયમ રકમના ૩૦% જેટલી રકમ પાકતી તારીખે મળતિ હોવાના કિસ્સા બની રહ્યા છે.

તાજેતરમાં જ આવોજ એક કિસ્સો ધનસુરાના બેન્ક ઓફ બરોડાના નિવૃત અધિકારી શ્રી પ્રવીણભાઈ સોનેરી સાથે થયાનું જાણવા મળેલ છે L.I.C. જીવન સરલ પોલિસી ૨૦૦૮ અને ૨૦૦૯ અરસામાં રૂ. ૨.૫૦ ની રકમ ની બે પોલિસી લીધી અને ૧૦-૧૧ વર્ષ સળંગ પ્રીમિયમ ભરીને રૂ. ૨,૯૩,૨૯૪/- જમા કરાવેલ છે. જેની પાકતી મુદત ફેબ્રુઆરી ૨૦૧૯ આવતી હોવાથી L.I.C. ધનસુરા શાખાએથી બંને પોલિસીની પાકતી મુદતે કુલ રૂ. ૯૭,૮૪૦/- વિમાની રકમ મંજુર કરી ડિસ્ચાર્જ વાઉચર આવતા સમસમી ઉઠેલા સિનિયર સિટીઝને L.I.C. ડિવિઝનલ ઓફિસ,ઈરડા તથા વીમા લોકપાલ ને હકીકત જણાવી થયેલ અન્યાય બાબતે લાગતાં વળગતાનું ધ્યાન દોરવામાં આવેલ છે.

એક બાજુ સરકાર શ્રી સિનિયર સીટીઝન માટે વધારાની સુવિધા રક્ષણ માટે પગલાં લઈ રહી છે જ્યારે લોકોના સારા અભિગમ ધરાવતી વીમા કંપની તેના કાર્યક્ષેત્રોમાં સિનિયર સિટીઝનને પારાવાર આર્થિક નુકશાન થયા તેવી પોલિસી જીવન સરલને લઈને ચર્ચા જગાવી છે અને લોકમુખે ચર્ચા અને અનુભવી લોકો આવી પોલિસી દ્વારા મહામૂલી રકમ છીનવાઈ જવાની ફિટકાર ની લાગણી અનુભવી રહ્યા છે.

જોવાનું તો એ છે કે L.I.C. એ સિનિયર સિટીઝનોને થયેલ નારાજગી વેળાસર નહીં સ્વીકારે તો આગળજતા શાખાને લાંછનરૂપ પૂરવાર થશે.જ્યારે બીજી આવા ગ્રાહકોનો મોટો સમૂહ પડકારરૂપે આવાજ ઉઠાવશે એ નક્કી છે.

## શ્રી કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલનું ગૌરવ

અરવલ્લી જિલ્લાની વિદ્યાનગરી ગણાતા મોડાસા



શહેરની ખ્યાતનામ કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલે ૫૧મી યુવા ઉત્સવ સ્પર્ધા જે તા. ૨૭-૨૮ ડિસેમ્બર,૨૦૧૮ના રોજ શેઠ કે.ટી. વિદ્યાલય ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ તેમાં સમગ્ર રાજયમાં બે કૃતિઓમાં પ્રથમ નંબર મેળવ્યો છે (૧) લોકગીત-પુરોહિત રઘુનાથ એમ, અને (૨) હિન્દુસ્તાની શાસ્ત્રીય કંઠ્ય સંગીત 'બ' વિભાગતમાં સોલંકી જપન એન. પ્રથમ નંબર મેળવેલ છે. સંગીતની આ અનેરી સિદ્ધિ બદલ મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બીપીનભાઈ શાહ, પ્રભારી મંત્રી, પંકજભાઈ બુટાલા, કે.કે. શાહ, આચાર્ય મનીષભાઈ જોષી, સુપરવાઈઝર કે. આર, ખાંટ, જી.બી. પટેલ, કે.બી. ચાવડા તેમજ મંડળના હોદ્દેદારો, સ્ટાફ પરિવારે માર્ગ દર્શક પી.ડી. બારોટ તેમજ વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા તે રાષ્ટ્ર કક્ષા એ વિજેતા બને એવી શુભેચ્છા પાઠવી હતી.

# તલોદ કૉલેજમાં કાયદાકીય અભ્યાસનો થનારો પ્રારંભ

તલોદ, તા.૧

તલોદ કૉલેજના સંકુલમાં સ્વ. મણીલાલ ભીખાલાલ



તસવીર : દશરથ વણઝારા

ઉપાધ્યાય સ્વનિર્ભર કાયદાકીય કૉલેજ શરુ કરવા માટે સંસ્થાના ચેરમેન અનારબેન પટેલ તેમજ પ્રમુખ તુષારભાઈ પટેલના સંયુક્ત પ્રયાસોથી ૧૨૦, જેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ કરી શકે તેવી જોગવાઈઓથી બેઠકોની માગણી હેમચંદ્ર ઉત્તર ગુજરાત ખાતે કરવામાં આવી હતી.

જે અન્વયે સોમવારના રોજ ઉ.ગુ. યુનિ.ના તંત્ર સમાવાળાઓએ જે નિયુક્ત કરેલ તજજ્ઞો જયદીપ નાણાવટી, શૈલેષ પટેલ, જે.જે. વોરા એ તલોદ કૉલેજની મુલાકાત લીધી હતી. કોર્ટ રૂમ, સંકુલ તમામપત્રો તપસ્યા હતા જેનો વિગતવાર અહેવાલ તૈયાર કરી તલોદ લો કૉલેજની આખરી મંજુરી માટે દિલ્હી ખાતે મોકલવામાં આવી છે.

તલોદ કૉલેજની આ મંજુરીની તપાસ દરમિયાન પાટણ યુનિવર્સિટી દ્વારા લીલીઝંડી મળી જતા હિંમતનગર, ગાંધીનગર, અમદાવાદ અને પાટણ જતાં કાયદાના અભ્યાસ વાળા વિદ્યાર્થી આલમને સ્થાનિક લાભ મળી જવાના વાયુ વેગ સમાચારોથી આ પંથકના શિક્ષણ જગતમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં સંતરામપુર ધારાસભ્ય કે.એમ. ડીંડોર, શેઠ મહેશભાઈ ઉપાધ્યાય, એમ.ડી. અશોક મિસ્ત્રી સરપંચ, રાકેશ મહેતા, પાલિકા પ્રમુખ નરેન્દ્રરસિંહ સોલંકી, સતિષભાઈ શાહ, વાલીગણ, વેપારી આલમ, અથાગ પ્રયાસોને બિરદાવ્યા હતા. કૉલેજના પ્રિન્સિપાલ એમ.આર. પરીખ અને ડૉ. પુજાણી અને કૉલેજ સ્ટાફ અને મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી આ સફળ આયોજન કર્યું હતું.

## પાલનપુરમાં રેડીમેડ કપડાંની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા

પાલનપુરમાં સીમલાગેટ વિસ્તારોમાં આવેલી એક રેડીમેડ કપડાંની દુકાનમાં ગત રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જ્યાંથી જીન્સ પેન્ટ સહિત રૂપિયા ૨૨,૪૦૦નો મુદ્દામાલ ચોરી ફરાર થઈ ગયા હતા. આ અંગે દુકાન માલિકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

શિયાળાની કડકડતી ઠંડીનો લાભ લઈ પાલનપુરમાં તસ્કરો એક પછી એક ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. જ્યાં શનિવારે રાત્રે તસ્કરોએ શહેરના સીમલાગેટ વિસ્તારમાં અંબાજી માતા મંદિર નજીક આવેલી એક રેડીમેડ કપડાંની દુકાનને નિશાન બનાવી હતી. જેનું શટર ઊંચું કરી કાચ ફોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને અંદર પડેલા જીન્સ પેન્ટ નંગ ૨૦, નાઈટી, અપર સહિત રૂપિયા ૨૨,૪૦૦નો મુદ્દામાલ ચોરી ફરાર થઈ ગયા હતા. આ અંગે દુકાનદાર વિશાલભાઈ સુરેશભાઈ ગુપ્તાએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# માલપુરની જીતપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ હાજરી સમયે 'જય ભારત જય હિંદ' બોલતા થયા

મોડાસા, તા.૧

શાળાના વિદ્યાર્થીઓમાં નાનપણથી જ દેશભક્તિના ગુણ આવે તે માટે તા.૦૧-૦૧-૨૦૧૯



તસવીર : મેહુલ જોષી

થી ખાનગી, પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ અને સેમી ગ્રાન્ટેડ સહીત તમામ શાળાઓમાં બાળકોની હાજરી પુરવા સમયે યસ સર, પ્રેસન્ટ સર ના બદલે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં નાનપણ થીજ દેશ ભકિત અને રાષ્ટ્ર ભાવનાના ઉદ્દેશ્યથી બાળકોને જય ભારત, જય હિંદ બોલાવવું ફરજિયાત કરવાની સૂચના આપવામાં આવી છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાની જીતપુર પ્રાથમિક શાળામાં પ્રથમ દિવસ થી સ્વયંભૂ નિયમ અપનાવી હાજરી સમયે 'જય ભારત જય હિંદ' બોલવાની શરૂઆત કરવામાં આવી હતી

અરવલ્લી જીલ્લાની કેટલીક પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પહેલા થીજ હાજરી સમયે " જય હિંદ" બોલવાની પ્રથા વર્ષો થી ચાલી આવે છે. આ અંગે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.કે.મોઢ ને હાજરી સમયે જય ભારત જય હિંદ બોલવા અંગે જીલ્લાની પ્રાથમિક શાળાઓમાં આ અંગે પરિપત્ર કરવામાં આવ્યો છે કે નહિ ટેલિફોનિક પૂછપરછ કરતા જણાવ્યું હતું કે તેમને હજુ નિયામક તરફથી એવો કઈ પરિપત્ર કરવાની સૂચના મળી નથી જેથી જિલ્લામાં હાજરી સમયે "જય ભારત જય હિંદ" બોલવા અંગે કોઈપણ જાતનો પરિપત્ર કરવામાં આવ્યો નથી.

## આજીવન કેદની સજામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા પ્રદીપ સેજુલની સૂચનાથી પેરોલફર્લો સ્કવોડના પીએસઆઈ સી. પી. ચૌધરીએ સ્ટાફના એ.એસ.આઈ ઐયબુખાન, પ્રવિણસિંહ, વિનોદભાઈ, શૈલેષકુમાર, રાજુભાઈ, રમેશભાઈ દાંતા પોલીસ મથકના વિસ્તારમાં નાસતા ફરતા તથા પેરોલ/ફર્લો ફરારી આરોપીની તપાસમાં હતા. દરમ્યાન બાતમી હકીકત આધારે આજીવન કેદની સજા ભોગવતા પેરોલ ફરારી આરોપી દાંતા તાલુકાના પાણોદરાના ગંભીરજી ઈશ્વરજી ઠાકોરને ઝડપી લીધો હતો.

## પાલનપુરના ગુરુનાનક ચોકમાં ધી બર્નિંગ કાર

પાલનપુર શહેરના ગુરુનાનક ચોક વિસ્તારમાંથી પસાર થતી એક સીએનજી કારમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. પાલનપુર શહેરના ગુરુનાનક ચોકમાંથી પસાર થઈ રહેલી એક કાર માં અચાનક આગ લાગી હતી. સીએનજી કીટ ધરાવતી કારમાં શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

કારમાં અચાનક આગ લાગતા કાર ચાલક ઉતરી જતા તેનો બચાવ થયો હતો. ભરબજારમાં ધી બર્નિંગ કાર ના દ્રશ્યો જોવા લોકો ટોળે વળ્યાં હતા. કારમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. દરમિયાન, પાલિકાના ફાયર ફાઈટરે આવી આગ પર કાબુ મેળવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં ચેક રિર્ટન કેસ એક વર્ષ સાદી કેદ

ખેડબ્રહ્મા, તા. ૧

હિંમતનગરના વહેપારીનો ચેક રિટર્ન થતાં એક વર્ષની સાદી કેદ તથા પાંચ હજારનો દંડ ફટકારતી ખેડબ્રહ્મા કોર્ટ ખેડબ્રહ્માના એક વહેપારીને વર્ષ ૨૦૧૪ માં હાથ ઉછીના આપેલા રુ.૪ લાખ ચેક લઈને આપેલ હતા પરંતુ હિંમતનગરના વહેપારીએ રકમ પરત ના કરતા ફરીયાદીએ ખેડબ્રહ્મા કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. જે અનુસંધાને આરોપીને ખેડબ્રહ્મા કોર્ટે એક વર્ષની સાદી કેદ અને રુ.૫ હજારનો દંડ ફટકાર્યો હતો, જો દંડ ન ભરે તો વધુ ૧૫ દિવસની સાદી કેદની સજા ફટકારી હતી.

આ અંગેની વિગતો એવી છે કે ફરીયાદી શાહ યોગેશકુમાર નવીનચંદ્ર ઉ.વ.૩૬ જેઓ ખેડબ્રહ્મા ખાતે કિરાણાનો ધંધો કરે છે જેમણે વર્ષ ૨૦૧૪ ના એપ્રિલ માસમાં હિંમતનગરના રહેવાસી અને રેડીમેડનો ધંધો કરતા પટેલ સુરેશભાઈ મોહનભાઈ ને રુ.૪ લાખ હાથ ઉછીના આપતાં સામે તા.૪-૮-૨૦૧૪ નો એચડીએફસી બેંકનો ચેક આપેલ હતો, જે સમયાંતરે યોગેશભાઈ શાહે તેમના ખાતામાં ચેક જમા કરાવ્યો હતો તે ચેક બેલેન્સના અભાવે બાઉન્સ થતા સુરેશભાઈ પટેલને લેખિત તથા મૌખિક જાણ કરવા છતા હાથ ઉછીના લીધેલા નાણા પરત ના કરતાં શાહ યોગેશકુમારને ખેડબ્રહ્માની એડી. ચીફ જયુડીશીયલ કોર્ટમાં નેગોશિયેબલ એકટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરતા કોર્ટમાં કેસ ચાલી જતા ફરિયાદીના વકીલ રાજેન્દ્રસિંહ આર. ચૌહાણ ની ધારદાર દલીલો ગ્રાહય રાખી મેજીસ્ટ્રેટ કુ. જે.વી.પરમારે આરોપીને એક વર્ષની સાદી કેદ તથા રુ.૫ હજારનો દંડ ફટકારતાં ખેડબ્રહ્મા શહેરના ચેકના કેસના આરોપીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# માલપુર રેન્જમાં ૨૦ વર્ષથી ફરજ બજાવતા રોજમદારો કાયમી નોકરીની માંગ સાથે ડી.એફ.ઓ.ને આવેદનપત્ર

મોડાસા, તા.૧

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપને જોઈ લેવાનો ફોરેસ્ટ વિભાગના રોજમદાર કર્મચારીઓએ ચિમકી ઉચ્ચારવાની સાથે છેલ્લા ત્રીસ વર્ષથી વનવિભાગમાં રોજમદાર તરીકે કામ કરી રહ્યા છે જો કે તેઓને કાયમી ન કરતા તેઓ હવે લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે તમામ કામદારોએ આજે નાયબ જિલ્લા ફોરેસ્ટ અધિકારીને આવેદન પત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી.

આ તમામ કામદારો છેલ્લા બે વર્ષથી તેમના હક્ક માટે લડી રહ્યા છે પણ તેમની માંગણી હજુ સુધી



સંતોષવામાં નથી આવી. કામદારોએ આક્ષેપ કર્યો છે કે, કેટલાક કામદારો એવા છે કે, તેઓ વીસ વર્ષથી કામ કરી રહ્યા છે, તેઓને કાયમી કરી દેવાયા છે, પણ ત્રીસથી પાંત્રીસ વર્ષથી કામ કરતા કામદારોને હજુ સુધી કાયમી નથી કરવામાં આવ્યા સ્વાભિમાન આંદોલન સમિતીની અધ્યક્ષતામાં આજે આ તમામ કામદારોએ નાયબ વન સંરક્ષણની કચેરી ખાતે સુત્રોચ્ચા કરી વિરોધ વ્યક્ત કર્યોહતો તેમણે ચિમકી ઉચ્ચારી છે કે, જો તેમની માંગ પંદર દિવસમાં સ્વીકારમાં નહીં આવે તો ૨૬ જાન્યુઆરીના રોજ બ્લેડ ડે તરીકે ઉજવી વિરોધ વ્યક્ત કરશે તેમછતાં પણ કામદારોની વાતને સાંભળવામાં નહીં આવે તો આગામી લોકસભાની ચૂંટણી સરકાર સામે બાંયો ચઢાવવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી.